સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કથળતા કાયદાથી કણસે છે લોકશાહી!
ને શિસ્ત, નિયમોને ધક્કે ચઢે છે લોકશાહી!
લોકશાહીની આંખમાં મરચું નાખે છે સભ્યો!
વિધાનસભામાં વસ્ત્રો ઉતારે છે લોકશાહી!

હાઈકુ

બાબો રડે, ને
મળી જાય ઘૂઘરો -
સૈન્ય પેન્શન!

ડ્રાઇવર નો
જોરદાર ચુ-ટર્ન -
અન્ના હજારે !!

ચિંતન

પ્રદોષે નિહતઃ પન્થાઃ પતિતા નિહતાઃ સ્ત્રિયઃ । અલ્પબીજં હત ક્ષેત્રં ભૃત્ય દોષાદ્ધતઃ પ્રભુઃ ॥ (૧)
હત શ્રોત્રિયં શ્રાદ્ધં હતો યજ્ઞમ્વદક્ષિણઃ હતા રૂપવતી વંધ્યા હતં સૈન્યમ નાયકમ્ ॥ (૨)

સુભાષિત રત્ન ભાડાંગારના બીજા પ્રકારણ 'સામાન્યનીતિ' ના આ શ્લોક છે :

● સંપ્રદાય-પંથમાં મુખ્ય વ્યક્તિ સંત-બાપુમાં કે તેમના આદેશો-આચરણને કારણે વધારે દોષો-દુરાચાર ફેલાઇ જાય પછી એ પંથ-સંપ્રદાયનો નાશ થાય છે.
● અંધકાર થયા પછી રસ્તો-માર્ગ દેખાતો નથી. (અજ્ઞાનને કારણે સાચી દિશા-ઉકેલ મળતા નથી.)
● જે સ્ત્રી પતિત થયેલ દુરાચારી છે તે નાશ પામેલી જ સમજવી અર્થાત્ તેનું અસ્તિત્વ અર્થહીન બને છે.
● જે ભૂમિમાં અનાજ પાકતું નથી. કસ વિનાની છે એ નકામી જ સમજવી. એની કોઇ કિંમત નથી.
● જેના નોકર-ચાકર-કર્મચારી-સલાહકાર ખરાબ હોય છે એ માલિક નાશ પામે છે.
● શ્રદ્ધા વિનાનું દાન-પુણ્ય-શ્રાદ્ધનો કોઇ અર્થ નથી.
● હોમ-હવન કર્મકાંડ પછી દાન-દક્ષિણાનું મહત્વ છે. દક્ષિણા વિનાના હોમનો અર્થ નથી.
● રૂપવતી-સૌંદર્યા-વિધવા હોય તો તેના સ્વરૂપનો અર્થ નથી.
● અને નાયક-નેતૃત્વ વિનાની સેના-પક્ષનો કોઇ અર્થ નથી.

સુવિચાર

● આનંદ એક અમૃત છે, પણ તેને મેળવવા માટે મંથન કરવું જોઇએ, તેને દુઃખનાં વલણોમાંથી જ પામી શકાય છે - *ઓશો*
● જે માણસ સારો હોય છે તે લોકોનાં હૃદયમાં રહે છે પણ જે માણસ દયાળું હોય છે તે ઇશ્વરના હૃદયમાં રહે છે - *ગીતા*
● માણસો સાત દિવસના બાળકની તકલીફ ભાવના સરળતાથી સમજી જાય છે પણ સીત્તેર વર્ષના પિતાની વેદના સમજવામાં અસમર્થ જોવા મળે છે - *જોસ. મહાવાર્ય*
● સમજદારી એ સમજદારની એક અદાકારી છે, જે સમજે એ જ જાણે કે આતો એક તરફી ખુલવા વાળી બારી છે - *જગદીશ ત્રિવેદી*
● આચાર વગરનો આપણો વિચાર ગમે તેટલો સરસ હોય, પણ તે હંમેશા માણસના મન ઉપર અત્યાચાર કર્યા કરે છે - *ધર્મસૂત્ર*
● હજાર કામ નહીં કરો તો ચાલશે, પણ એક કામ એવું કરજો જેના માટે દુનિયાએ તમને યાદ કરવા પડે, જે આવડે તેને શ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરજો - *ડૉ.એ.પી.જે. કલામ*
● રેલના બે પાટા, સુખ અને દુઃખની સમાન ભાતી છે, જે એના ઉપર સંતુલન જાળવે એની ગાડી સરસ ચાલે - *મુનિ ચંદ્રશેખરજી*

(સંકલન : દીપક બી.ભાસણા)

બોધ કથા

આજકાલ તો ગુંડાઓ-મોટા મોટા નેતાઓ ને જેલમાં પણ એ.સી. - મોબાઇલ-મીટીંગ હોલ-ખાણી-પીણીની સુવિધાઓ સરળતાથી મળે છે અને એમાં જેલર-સ્ટાફની કંઇક ચૂક થઇ જાય તો બદલી-સજા પણ થઇ જાય! નેતાઓ માટે જેલ પણ 'સરકીટ હાઉસ' જ છે..

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ગાંધીજી યરવડા જેલમાં હતા. અંગ્રેજોના સમયમાં જેલના કડક અને ચૂસ્ત કાયદા હતા એમાં કોઇને છૂટછાટની સૂરંગ ન મળે. એમાં એક કાયદો એવો હતો કે કેદીઓ પોતાના પરિવારના એક સભ્ય સાથે માત્ર ત્રીસ મિનિટ સાંજે વાતીચીત કરી શકે અને વાતચીત દરમિયાન જેલનો કોઇ અધિકારી હાજર રહેશે.

આ દરમિયાન કસ્તૂરબા, ગાંધીજીને મળવા આવ્યા. ગાંધીજી અને કસ્તૂરબા દૂર-દૂર ખૂરશીમાં બેઠાં હતા. અધિકારીને થયું મારી હાજરીમાં બા-બાપુ મુક્ત રીતે કોઇ વાત નહીં કરી શકે તેથી ત્યાં પાર્ટીસન જેવી લાકડાની દિવાલ પાછળ ન દેખાય તેમ ઊભો રહ્યો...

ત્રીસ મીનીટ આમ ને આમ એક પણ શબ્દ બોલ્યા વિના પસાર થઇ ગઇ. પેલા અધિકારીને ખૂબ આશ્ચર્ય થયું. આવીને તરત ગાંધીજીને પુછ્યું, તમે અર્ધા કલાકમાં એક પણ શબ્દ બોલ્યા કેમ નહીં?

ગાંધીજી કહે, હું જેલનો નિયમ જાણું છું. તમે ક્યાં ચાલ્યા ગયા હતા?! અધિકારીએ ગાંધીજીને મનોમન વંદન કર્યાં...

Email - sureshchandrabhatt18@gmail.com

ગુજરાતી ભાષા જેવી સરળ ભાષા બીજી કોઈ નથી, તમને જો ક્યાંક ગુજરાતી કરતાં સરળ ભાષા જોવા, સાંભળવા મળે તો તમે નવી શોધ કરી છે, એમ માનજો : ફાધર વાલેસ

૨૧મી ફેબ્રુઆરી, શુક્રવાર આજે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન

- શાન્તિભાઈ બી. પટેલ

માતૃભૂમિથી, માતૃભાષાથી
જનમ દેનારી માતાથી
જે લોકો શરમાતા, એથી
સભ્યતા પણ શરમાતી છે,
આજ કરો સૌ એક પ્રતિજ્ઞા
માનું ના થાયે અપમાન
કહો ગર્વથી એક અવાજે
"મારી ભાષા ગુજરાતી છે."

- શ્રી મારોરિ બાપુ

ઇઝરાયેલના કવિ - સેમ્યુઅલ એગ્નોએ માગેલું 'પ્રભુ, મને મારી ભાષાનો એક શબ્દ આપો. હું એક વધુ ભાષા શીખવાનું માંડી વાળીશ.' આ વાક્યમાં ભાષા પ્રત્યેનો પ્રેમ જગાવે છે.

વિપિન પરીખના એક કાવ્યમાં -

મારી મારી ભાષા ગમે છે
કારણ બાને હું બા કહી શકું છું
'મમ્મી' બોલતો તો હું શીખ્યો છેક પાંચમાં ધોરણમાં
તે દિવસે ખૂબ રોફથી વાઘ માર્યો હોય એમ
મે 'મમ્મી' કહીને બૂમ પાડેલી
બા ત્યારે રહેજ હસેલી
કારણ બા એક સાદો પોસ્ટકાર્ડ પણ માંડ લખી શકતી.

મને મારી ભાષા ગમે છે, કારણ કે મને મારી બા ગમે છે. જો ગુજરાતી નહિ જાગે તો હવે ગુજરાતી નથી આવડતું. ભવિષ્યમાં કોઇ બાળક ગુજરાતીમાં બોલશે તો તે પછાત ગણી લોકો હસવાના. આપણી માતૃભાષા માના ધાવણ જેવી છે. જે બાલકોને એમની ગળથૂથીમાં મળેલી વાણી દ્વારા શીખવાને બદલે પારકી ભાષા દ્વારા શીખવવાના બદલે પારકી ભાષા દ્વારા શીખવવામાં આવે તો એ વિકૃતિમાં જ પરિણમે.

એક ઝલલકારે પણ આ મિજાજ વ્યક્ત કરતાં કહ્યું છે કે -

"વાત મારી જેને સમજાતી નથી, એ ગમે તે હોય ગુજરાતી નથી."

કવિ સુરેશ દલાલ કહ્યું છે, "અંગ્રેજી ભાષા કે શબ્દો સામે વાંધો નથી, પણ અંગ્રેજો જતાં જતાં બે પગે બે લાત મારતા ગયા, એક તો ભારતના ભાગલા અને બીજી અંગ્રેજી ભાષાની ગુલામી."

આપણે બધાં એવું કેમ વિચારતાં નથી કે વિશ્વનું કોઇ પણ બાળક બોલતાં પહેલાં શીખે છે અને વાંચતાં પાછળથી શીખે છે. મા, માતૃભાષા અને માતૃભૂમિનો કોઇ વિકલ્પ નથી. ભાષા સમાજની ધુરા છે, એનો શ્વાસ છે. એનો ધબકાર છે. ભાષાની અસર સમાજ અને સંસ્કૃતિ પર પડતી હોય છે. ભવિષ્યનો આધાર ભાષા પર હોય છે.

ગુજરાત પાસે સાંસ્કૃતિક અને ઐતિહાસિક વૈભવ-વારસો હજાર વર્ષ જેટલો પ્રાચી છે. જેની અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી માધ્યમ રહ્યું છે. પરંતુ આઝાદી પછી શૈક્ષણિક રાજકીય, વહીવટી, સરકારી, સંશોધન જેવા મહત્ત્વનાં ક્ષેત્રોમાં ગુજરાતી ભાષાનું મહત્ત્વ ઓછું થતું ગયું છે અને અંગ્રેજી ભાષાનું મહત્ત્વ વધ્યું છે. ભારતીય પ્રાદેશિક ભાષાઓ ઉપર અંગ્રેજી ભાષાએ રીતસરનો હુમલો કર્યો છે અને આજે આપણે આપણી ઓળખ ગુમાવતા હોઇએ એવો અહેસાસ થઇ રહ્યો છે.

એક સર્વે મુજબ દુનિયામાં ૭૦૦૦ કરતાં પણ વધારે ભાષાઓમાંથી લગભગ ૫૦ ટકા ભાષાઓ લુપ્ત થવાના આરે છે. ભારતીય ભાષાઓની વાત કરીએ તો ૧૯૬ જેટલી ભાષાઓ - બોલીઓ મૃતઃપ્રાય છે. આ ભાષાઓ નાશ પામશે તો એ સંસ્કૃતિ અને સમાજ ખતમ થઇ જશે.

૧૯૪૮ ની ૨૧ મી ફેબ્રુઆરીના એક વર્ષ પહેલાં ભારત દેશના બે ટુકડાં, ભારત અને પાકિસ્તાન થયા. પાકિસ્તાનના મહંમદ અલી ઝીણાએ જાહેરાત કરી કે "આજથી પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાન માટે ઉર્દૂ ભાષા જ રાષ્ટ્રભાષા રહેશે. રાષ્ટ્રીય બંધારણીય ભાષા તરીકે બધાએ ઉર્દૂ ભાષાને સ્વીકારવી, સરકારી સહિત બધા જ કામકાજ હવે ઉર્દૂ ભાષામાં જ કરવાના રહેશે."

આ જાહેરાતને પશ્ચિમ પાકિસ્તાના લોકોએ વધાવી લીધી. પરંતુ પૂર્વ પાકિસ્તાનના લોકો પોતાની માતૃભાષા બંગાળી છોડીને ઉર્દૂ સ્વીકારવા તૈયાર નહોતા. તેથી વિરોધ થયો. આ વિરોધના ભાગ રૂપે ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૫૨ના દિવસે ઢાકા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ સરકાર વિરૂદ્ધ એક મોટું આંદોલન કર્યું. અને વિશાળ રેલી કાઢી પોતાની માતૃભાષા માટે જંગ છેડ્યો. આંદોલનને કચડી નાખવા સરકારે બધા જ હથિયારો અજમાવ્યા. આ લોકોએ પોતાની માતૃભાષાની મમતા ના છોડી અને માતૃભાષાના પ્રેમ અને ઝઝૂનના કારણે પાકિસ્તાનમાંથી બંગલા દેશનો જન્મ થયો.

માતૃભાષા માટેનાં આંદોલન માટે ૨૧મી ફેબ્રુઆરીનો દિવસ ઇતિહાસમાં અંકિત થયો. ઇ.સ. ૧૯૯૯માં યુનેસ્કોએ ૨૧મી ફેબ્રુઆરીના દિવસને માતૃભાષા દિવસ ઉજવવાનું નક્કી કર્યું. એ પછી ૨૦૦૦ થી દર વર્ષે માતૃભાષા દિવસ ઉજવવામાં આવે છે.

ગુજરાતની ગુજરાતી ભાષા આર્યકુળની ભાષાઓ સાથે સંબંધ ધરાવે છે. ગુજરાતી ભાષાનું કૂળ ભારતીય સંસ્કૃતિનો વારસો સાચવતી અને વધારતી દેવભાષા - સંસ્કૃત છે. વશુધૈવ કુટુમ્બકમ્.... સમગ્ર વિશ્વ પરિવાર છે. આવી સર્વ સમાવેશક કલ્પના માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ છે. આ માટે સંસ્કૃત ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.

મોરારિ બાપુ કહે છે, 'ગુજરાતી ભાષા આપણો ધર્મ છે, હિન્દી ભાષા આપણા માટે અર્થ છે. અંગ્રેજી ભાષા આપણા માટે કેવળ કામ છે. પણ સંસ્કૃત ભાષા આપણા માટે મોક્ષ છે. સંસ્કૃત મોક્ષનું દ્વાર છે.'

આપણું રાષ્ટ્રીય જન-ગન-મન અને રાષ્ટ્રગાન 'વંદે માતરમ્' સંસ્કૃતિ નિષ્ઠ છે.

ફાધર વાલેસે કહ્યું છે કે 'આ ગુજરાતી ભાષા જેવી સરળ ભાષા બીજી કોઇ નથી. તમને જો ક્યાંક ગુજરાતી કરતાં સરળ ભાષા જોવા, સાંભળવામળે તો તમે નવી શોધ કરી છે, એમ માનજો.'

પ્રભાતીયા જેવી પુનિત મારી ભાષા તું ગુજરાતી
વિશ્વ માતૃભાષા દિને હૈયે ચાહ ઘણી ઊભરાતી.
- રમેશ પટેલ

આપણી સર્જકતા, મૂલ્યો, શૈલી, સંસ્કૃતિના પાયામાં આપણી માતૃભાષા છે.

ગુજરાતીનો મહિમા અને ગૌરવ વધારવાનું કામ આખરે સૌ ગુજરાતીઓનું છે, આપણી પાસે આવી અનોખી ભાષા છે, આવો સૌ સાથે મળીને માતૃભાષાની સેવા કરીએ. અને સુખી થઇએ. ૨૧મી ફેબ્રુઆરી (વિશ્વ માતૃભાષા દિન - માતૃભાષા મહિમા દિને આપણી માતૃભાષા - ગુજરાતીને હું છું ને મારી ભાષા છે, કંઇક થશે આશા છે.

'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા,' આ ગીતના રચયિતા કોણ છે?

ગુજરાતના સાહિત્યકારો

(૧) કયા સાહિત્યકારે 'સવાઈ ગુજરાતી' તરીકે ગણના પામ્યાં હતા?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) કાકાસાહેબ કાલેલકર
(ક) ઉમાશંકર જોષી (ડ) મહાદેવભાઈ દેસાઈ
(૨) 'સાસુ વહુની લડાઈ' આ સામાજિક નવલકથાના લેખક કોણ છે ?
(અ) મહિપતરામ રૂપરામ (બ) દલપતરામ
(ક) રણછોડભાઈ ઉદયરામ (ડ) રમણભાઈ નીલકંઠ
(૩) 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા.' આ ગીતના રચયિતા કોણ છે?
(અ) રાજેન્દ્ર શાહ (બ) મકરંદ દવે (ક) બોટાદકર (ડ) હરિન્દ્ર દવે
(૪) 'લલિતા દુઃખદર્શક' નાટકના લેખક કોણ છે?
(અ) શિવકુમાર જોષી (બ) પિતાંબર પટેલ
(ક) રણછોડભાઈ ઉદયરામ (ડ) રાજેન્દ્ર શાહ
(૫) જાણીતા ગઝલકાર શૂન્ય પાલનપુરીનું મૂળ નામ શું છે ?
(અ) અહંમદમિયાં શેખ (બ) આદિલ મન્સૂરી
(ક) અલીખાન બલોચ (ડ) ગુલાબખાન અહેમદીયા
(૬) અખા સિવાય બીજા કોણે ઉત્તમ છપ્પા લખ્યા છે?
(અ) પ્રિતમ (બ) ભોજો (ક) કવિ શામળ (ડ) પ્રેમાનંદ
(૭) ગુજરાતી ભાષાની કઇ શૈલી માત્રા કવિ નાન્હાલાલ પુરતી જ મર્યાદીત રહી?
(અ) સોનેટ શૈલી (બ) પિંગલ શૈલી (ક) ડોલેન શૈલી (ડ) ફાગુ શૈલી
(૮) ગુજરાતના પ્રથમ ઉર્દૂ ગઝલકાર કોણ ?
(અ) આદિલ મન્સૂરી (બ) વલી ગુજરાતી (ક) અમૃત ઘાયલ (ડ) મબનજી કાંબરાજી
(૯) વિનોદીની નીલકંઠની કઇ વાર્તા પરથી બનેલી ફિલ્મે ૧૩ એવોર્ડ જીત્યા હતા?
(અ) કાશીનો દીકરો (બ) પારકા જણ્યા (ક) મા વિના સુનો સંસાર (ડ) દરિયા છોરૂ
(૧૦) કયા કાવ્યસંગ્રહને કારણે ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરનું બિરૂદ મળ્યું
(અ) સૌરાષ્ટ્રની રસધાર (બ) યુગવંદના (ક) એકતારો (ડ) વેણીના ફૂલ
(૧૧) 'માધવ ક્યાંક નથી?' નવલકથાના લેખક કોણ?
(અ) ચુનીલાલ મડિયા (બ) હરિન્દ્ર દવે (ક) વિશ્વનાથ ભટ્ટ (ડ) ઉચ્છરંગરાય ઓઝા
(૧૨) ગુજરાતી સાહિત્યનું પ્રથમ હાસ્યરસિક મૌલિક નાટક કયું છે?
(અ) ભટ્ટનું ભોપાળું (બ) મિથ્યાભિમાન (ક) ભદ્રંભદ્ર (ડ) લલિતા દુઃખદર્શક
(૧૩) ગુજરાતી સાહિત્યમાં 'ભવાઇ સંગ્રહ' નામનો ગ્રંથ કોણે સંપાદિત કર્યો છે
(અ) દલપતરામ (બ) મહિપતરામ નીલકંઠ (ક) સ્વામી આનંદ (ડ) દ્વારકાદાસ પરીખ
(૧૪) 'થોડા આંસુ થોડા ફૂલ' આ આત્મકથા કોણે લખી છે?
(અ) સ્વામી આનંદ (બ) રામનારાયણ વી. પાઠક
(ક) જયશંકર સુંદરી (ડ) ગુણવંતરાય આચાર્ય
(૧૫) મહાન કવિ અખો કયા મુઘલ રાજાના સમયમાં થઇ ગયો?
(અ) જહાંગીર (બ) ઔરંગઝેબ (ક) અકબર (ડ) હુમાયુ

વિજ્ઞાન વિવિધા

(આ સપ્તાહમાં આવતાં વિશ્વના મહાન વૈજ્ઞાનિકોના જન્મદિવસ)

● ૨૧-૨-૧૮૯૫ કાર્લ પીટર હેનરીક - ડેનિશ બાયોકેમિસ્ટ
૧૯૪૩માં નોબેલ પ્રાઇઝ વિજેતા, મૃત્યુ ૧૭ એપ્રિલ, ૧૯૭૬
● ૨૧-૨-૧૮૬૬ ઓગસ્ટ વોવ વોસરમેન - જર્મન બાયોટેકનોલોજીસ્ટ
'યુનિવર્સલ બ્લડ-સીરમ ટેસ્ટ'ના શોધક, મૃત્યુ ૧૬-૩-૧૯૨૫
● ૨૨-૨-૧૯૩૬ જહોન મિચેલ બિશોપ - અમેરિકન વિરોલોજીસ્ટ
- માનવશરીર શાસ્ત્ર અને મેડિકલ ક્ષેત્રમાં ૧૯૮૯માં નોબેલ પારિતોષિક વિજેતા
● ૨૨-૨-૧૯૧૪ રેનાટો ડબ્લેકો - ઇટાલીયન વાયોરોલોજીસ્ટ
- ૧૯૭૫માં સહાયક નોબલ પારિતોષિક વિજેતા
● ૨૨-૨-૧૮૫૭ હેનરીચ હર્ઝ - જર્મન ભૌતિકશાસ્ત્રી
- રેડિયોવેવ બ્રોડકાસ્ટ અને રીસીવ કરનાર વૈજ્ઞાનિક, મૃત્યુ ૧-૧-૧૮૭૪
● ૨૨-૨-૧૭૩૨ જયોર્જ વોશિંગ્ટન - અમેરીકન સર્વેયર
- મિલેટ્રી લીડર, અને અમેરિકન પ્રેસીડેન્ટ, મૃત્યુ ૧૪-૧૦-૧૭૯૯
● ૨૩-૨-૧૯૨૪ એલમ મેકલોર્ડ કોર્મેક - અમેરિકન ભૌતિકશાસ્ત્રી
- જન્મ સા. આફ્રિકા, એક્સ-રે, ઈમેજીંગ પ્રોસેસ અને એક્સ-રે ટોમોગ્રાફીના શોધક, મૃત્યુ ૭-૫-૧૯૯૮
● ૨૩-૨-૧૮૮૪ કેસમીર ફન્ક - પોલીસ અમેરિકન બાયોટેકનોલોજીસ્ટ
- ૧૯૧૨ માં વિટામીન શોધ્યું, મૃત્યુ ૨૦, નવે.૧૯૬૭
● ૨૩-૨-૧૮૭૯ એન્ગેસ અર્બર - બ્રિટીશ બોટાનીસ્ટ મહિલા વૈજ્ઞાનિક, મૃત્યુ ૨૨-૩-૧૯૬૦
● ૨૪-૨-૧૯૫૫ સ્ટીવ જોબ - અમેરિકન ટેકનોલોજીસ્ટ
- 'એપલ' કંપનીના સ્થાપક, મૃત્યુ ૫ ઓકટોબર, ૨૦૧૧.
● ૨૪-૨-૧૮૪૯ જહોન હેનરી કોમસ્ટોક - અમેરિકન એન્ટોમોલોજીસ્ટ
- મૃત્યુ, ૨૦ માર્ચ ૧૯૩૧.
● ૨૪-૨-૧૮૪૧ કાર્લ ગ્રેબ - જર્મન આર્ગેનીક કેમિસ્ટ, - મૃત્યુ ૧૯ જાન્યુ. ૧૯૨૭
● ૨૪-૨-૧૮૩૪ થોમસ ન્યુકોમન - ઈંગ્લીશ એન્જીનીયર
- દુનિયાનું સૌથી પહેલું એટમોસ્પીયરીક સ્ટીમ એન્જીનની શોધ, મૃત્યુ ૫-૮-૧૭૨૯.
● ૨૫-૨-૧૯૦૯ લેવ આર્ટસ્મોવીચ - સોવિયેત ભૌતિક શાસ્ત્રી
- પ્લાઝમા આધારીત 'ટોકામઠ' પ્લાન્ટના બેઝીક ડિઝાઇનર, મૃત્યુ, ૧ માર્ચ ૧૯૭૩.
● ૨૫-૨-૧૮૯૬ ઈડો નોડાક- જર્મન કેમીસ્ટ, 'રેનિયમ' તત્વના સહાયક શોધક, મૃત્યુ ૧૯૭૯
● ૨૬-૨-૧૯૦૩ ગીલીયો નાટા-ઇટાલીયન કેમીસ્ટ, હાઇ પોલીમરના શોધક, મૃત્યુ ૨-૫-૧૯૭૯
● ૨૬-૨-૧૮૮૨ જહોન હેર્વે કેલોગ - અમેરિકન ભૌતિક શાસ્ત્રી, - મૃત્યુ ૧૪-૧૨-૧૯૪૩
● ૨૭-૨-૧૯૧૦ કેલી જહોનસન - અમેરીકન એરોનોટીકલ એન્જી., મૃત્યુ - ૨૧-૧૨-૧૯૯૦
● ૨૭-૨-૧૮૯૭ બર્નાટ લ્યોટ - ફ્રેન્ચ એસ્ટ્રોનોમર, ૧૯૩૦ માં કોરોનાગ્રાફની શોધ કરી, મૃત્યુ ૨-૪-૧૯૫૨.
● ૨૭-૨-૧૮૯૧ ડેવીડ સેરનોફ - અમેરિકન વૈજ્ઞાનિક
- પાયનિયર ઓફ રેડિયો એન્ડ ટેલિવિઝન ઇન યુ.એસ.એ., મૃત્યુ ૧૨ ડીસે.૧૯૭૧
● ૨૭-૨-૧૭૫૩ જેમ્સ સેલ્ડર - બ્રિટીશ બ્લુનીસ્ટ, પ્રથમ ઈંગ્લીશ એરોનટ
- ૪ ઓકટોબર ૧૭૮૪માં પ્રથમ હોટ એર બલૂન ઉડાડનાર, મૃત્યુ, ૨૬ માર્ચ ૧૮૨૮.

ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

તાજેતરમાં દિલ્હી રાજય સરકારમાં શિક્ષણ મંત્રી કોણ હતા?
જવાબ : શ્રી મનીષ સિસોદિયા

સાચા જવાબ આપનાર પત્રમિત્રો :

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી, ગાંધીનગર
(૨) નટુભાઈ દરજી : પેથાપુર

આ સપ્તાહનો સવાલ ?

આંધ્રપ્રદેશના ભાગલા થવાથી કયા બે નવા રાજ્યો બનશે ?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ
ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

સાચા જવાબો

૫૦ (૫૧) ૬ (૨૧) ૫૦ (૬૧) ૫૦ (૨૧) ૬ (૧૧) ૫૦ (૦૧) ૫૦ (૭) ૫૦ (૭) ૬ (૭) ૬ (૩) ૬ (૫) ૬ (૨) ૬ (૬) ૫૦ (૨) ૫૦ (૧)

સંસદ : અચ્છા સિલા દિયા તુને મેરે પ્યાર કા

કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

૧૯ ફેબ્રુઆરી ૨૦૧૪ની સાંજે રાજયસભા સ્થગિત થાય છે. એક ૯૪ વરસનો વયોવૃદ્ધ સાંસદ સદન છોડે છે, એક દુઃખ સાથે! રીશંગ કેશીગ નામના મણીપુરથી રાજયસભાના સભ્યનો સદનમાં અંતિમ દિવસ! ૧૯૫૨ની પ્રથમ લોકસભામાં સભ્ય રહી ચુકેલા રીશંગ સાહેબે રાજનીતિના થર્મોમીટરમાં પારાની ગરમી જોઈ છે પણ હાલના દિવસોમાં જોવા મળેલી બેહુદગી કદી નહિ! દુનિયાના સૌથી મોટા લોકતંત્ર પર સાંસદોનું વર્તન સ્કુલમાં ઝગડતા છોકરાઓ કરતા પણ ખરાબ હતું!

માન્યું કે લોકશાહી તમને વિરોધનો અધિકાર આપે છે...પરંતુ તમામ અધિકારોનો વિવેકપૂર્ણ ઉપયોગ એ જે તે વ્યક્તિની વ્યક્તિગત જવાબદારી છે.

સાંસદ એટલે કોણ? ભારતનો નાગરિક, જે તે સદનના નિયમ મુજબ જેની ન્યુનતમ ઉમર ૨૫ કે ૩૦ વરસની હોય, જે રજિસ્ટર્ડ વોટર હોય અને જેને જનતા એ પોતાના બદલે પોતાના વિશ્વાસ પર ચૂંટીને મોકલ્યો હોય એ જન-પ્રતિનિધિ!

પણ છેલ્લા કેટલાય વર્ષો થી રાજનીતિની પરંપરા મુજબ જાતિ, ધર્મ, સમ્દાય કે પૈસાના જોર પર ચુંટાઈ આવતા નેતાઓ -જાના સેવકો નહિ શાસકોની જેમ વર્તી રઝા છે, તેમના રૂઆબ અને ઠાઠ રજવાડી હોય છે! એક આમ આદમી આવા કોઈ માણસને પોતાનાથી ઉપલી કક્ષાનો ગણે છે, મળતા ડરે છે, એપ્લીકેશન્સ કરે છે, દરવાજાની બહાર કલાકો સુધી રાહ જોવે છે, ગલગોટાની માળા પહેરાવે છે, ઘરે આવેલા મહેમાનને ફરવા લઈ જતા રસ્તામાં આવતા એમના મકાન બતાવે છે, છાપાઓમાં અડધા પોણા કે આખા પાના છપાવીને અભિનંદન આપે છે, નવી નવી દુકાનોની રીબીનો કપાવે છે, પાડોશીના દીકરાના લગ્નમાં હાજર રહેવા વિનંતી કરે છે, એની ગાડી ના દરવાજા ખોલી આપે છે, સ્પીચમાં માનનીય સમ્માનીયથી માંડીને અતિ માનનીય સુધીના હેકટીક પ્રત્યયો લગાવીને નેતાની છાતી ફુલાવી દે છે! આમ આદમી માટે નેતા એ કોઈ ખાસ આદમી છે! શાસક તરીકેની નેતાની ભૂમિકા -જા એ વધુ મજબૂત કરી આપી! વાસ્તવ માં સાંસદ એ બીજો કોઈ ખાસ માણસ નહિ પણ એક વ્યક્તિ છે જેને તમે તમારા વતી સદન માં કે સરકાર માં મોકલો છો ...જેથી તમે શાંતિ થી સવાર ની ચા પી શકો, પત્ની કે પતિ સાથે રોમેન્સ કરી શકો, છોકરાઓને સ્કુલે મુકવા જઈ શકો, પેરેન્ટ્સ મીટીગ અટેન્ડ કરી શકો, દુકાનનું શટર નિરાતે ખોલી સાંજ સુધી આરામ થી ધંધો કરી શકો, બપોરે કેન્ટીનમાં ચા પી શકો, લાયબ્રેરીમાં વાંચતા વાંચતા અડધા કલાક નું ઝોંકુ લઈ શકો, આવતા ઉનાળામાં આબુ કે મનાલીની ટ્રીપનું પ્લાનિંગ કરી શકો ...અને આ બધું કરવા માટે જે સંકલિત વ્યવસ્થા કે ઇન્ટીગ્રેટેડ સિસ્ટમ જોઈએ તેને વધુ મજબુત અને સુદ્રઢ બનાવવા આપણે પ્રતિનિધિની પસંદગી કરીએ છીએ! જેમની સરકાર બને, જે નિયમો બનાવે, વ્યવસ્થા ગોઠવે ...જેથી ચાનો સ્વાદ ફીકો ના પડે, મનાલીની ટ્રીપ અધવચ્ચે અટકીના પડે, છોકરો આરામથી ભણી શકે..! લોકશાહીનો આ બેઝીક કોન્સેપ્ટ છે - લોકો માટે અને લોકો દ્વારા..લોકો વતી શાસન- વધુ સ્પષ્ટ શબ્દો માં -શાસન! પણ સમાજ અને અર્થ તંત્રના વિવિધ વર્તુળો ને સાંકળતા ક્ષેત્રોમાં કડી બનતા યે નેતા લોગ પોતાની પોઝીશન મજબૂત કરવામાં સફળ રઝા છે અને એટલે જ લોકો એક -શાસક ને શાસક ની જેમ ગણી રઝા છે!

સંસદ માં ઘટેલી ઘટનાઓ ના સીધા દ્રશ્યો સમગ્ર દેશે જોયા...! શું તમે પણ આવું કરો છો? તમારી કોઈ માંગણી પૂરી કરવા પેપર સે ઉડાડો છો, કાગળિયાં ફાડો છો, બુમા-બુમ કરી મુકો છો! કપડા ઉતારો છો, મારા મારી કરો છો! અભિવ્યક્તિ ના અધિકારનો આ દુરુપયોગ નથી? આ દેશમાં કોઈ એક કાર્ટુન દોરાય કે ફેસબુક પર સ્ટેટ્સ અપડેટ થાય તો તંત્ર હરકતમાં આવીને ગિરફતારીઓ કરશે, સેડીશન ચાર્જિસ લગાવશે! પણ ખુલ્લે આમ સંસદમાં હુડ દંગ મચાવતા આ સાંસદો સામે કઈ જ નહિ?? લોકોના સમય અને પૈસાની બરબાદી કરવી એ એક રીતે દેશ દ્રોહ નથી?? સંસદની કાર્યવાહી અટકાવવી-રોકવી ગુનો નથી? આપણે એમને ચૂંટ્યા છે - સંસદ સરકાર અને દેશ ચલાવવા માટે - નહિ કે તોફાન મચાવવા! એક સમય હતો જયારે વિરોધ કરવાનો પણ એક તરીકો હતો- સલિકો હતો! વિરોધી પક્ષના નેતાઓની દલીલો ને નેહરુ કે અબુલ કલામ આઝાદ જેવા નેતાઓ ધ્યાનથી સાંભળતા અને જવાબ આપતા! અટલ બિહારી બાજપાયી એ ત્યાગ-પત્ર આપ્યું ત્યારે આપેલા ભાષણમાં સંસદની ગરિમા અખંડ રહેલી... વિરોધ કરવો એ સહેલી બાબત નથી, જેટલી લાગે છે તેટલી સહેલી તો નહિ જ!

મતભેદ શક્ય છે! કેમ કે મત સ્વયમ એક અંગત વિચાર છે! સ્વતત્રતાની લડાઈના છેલ્લાં વરસોમાં ગાંધીજી તેમજ સરદાર અને નહેરુ વચે પુષ્કળ મતભેદ હતા - પણ મનભેદ નહિ! આ મતભેદની વચે પણ તેમણે દેશનું લોકતાન્ત્રિક ચરિત્ર જાળવી રાખ્યું!

(અનુસંધાન પાના નં. ૬ પર)